Permitted to Post at PSO-AHD : On every Wednesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન
## THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૧૪ ● તા. ૩૦.૦૩.૨૦૧૦ થી ૦૫.૦૪.૨૦૧૦ ● ચૈત્ર સુદ ૧૫ થી ચૈત્ર વદ ૦૭ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# વૈશ્વિક પરિબળોની તીવ્રતા સ્થાનિક બજારોને અસર કરવા અસક્ષમ

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહમાં પ્રાદેશિક કે વૈશ્વિક સ્તરે કોઈપણ સંકેતોનો લગભગ અભાવ રહ્યો હતો. નવી એક્ષપાયરી સીરીઝમાં નિફ્ટી આંક ઓઈલ ગેસ, ઓટો, બેંકિંગ, સીમેન્ટ સેક્ટરમાં લેવાલીના પગલે હકારાત્મક બંધ રહ્યો હતો. જ્યારે સાપ્તાહિક ધોરણે બંને ઈન્ડેક્ષો ૦.૩ ટકા વધીને બંધ રહ્યા હતા. રિલાયન્સ પાવર, હિન્દ યુનિલિવર, અને જેએસપીએલ ૪ ટકા જેવા વધ્યા હતા જ્યારે ટાટા કોમ., ટાટા મોટર્સ, સુઝલોન ૪ ટકા ઘટ્યા હતા. બીએસઈ નો હેલ્થકેર ઈન્ડેક્ષ ૨.૫ ટકા વધ્યો હતો. સન ફાર્મા, સીપ્લા અને રેનબક્ષીમાં ૩ ટકા નો વધારો જોવા મળ્યો હતો. બીજી બાજુ બેંકિંગ સેક્ટરમાં એચડીએફસી બેંક ૭ ટકા, પીએનબી ૪ ટકા, એક્ષિસ બેંક ૩ ટકા વધ્યા હતા. રિયલ્ટી કંપનીઓમાં નરમાઈનો દોર યુનિટેકમાં અને ડીએલએફમાં ૩ અને ૬ ટકાના ગાબડા સાથે જારી રહ્યો હતો.

આઈપીઓ બજારમાં જબરી ઉથલાપાથલ છે. જ્યારે પ્રાઈમરી બજારોમાં હજીએ અસમંજસનું

**શેરબજારની સમીક્ષા**



**દિપક અમીન**
**મો. ૯૨૨૭૦૬૭૬૬૨**

વાતાવરણ બરકરાર છે. બજારો સીધી રીતે વધતા પણ નથી કે સીધી રીતે ઘટતા પણ નથી. પણ એક વાત નક્કી છે કે તે ધીમે ધી વધ્યા છે અને સેન્સેક્સ ૧૭૫૦૦ તેમજ નિફ્ટી ૫૨૦૦ ઉપર આરામથી ચાલી રહી છે. વૈશ્વિક પરિબળોમાં અત્યારે યુરોપ સિવાય કોઈ ખરાબ સમાચાર ક્યાંયથી આવે તેવું લાગતું નથી. અને આ વસ્તુને હકારાત્મક એટલા માટે ગણી શકાય કે એક થિયરી પ્રમાણે બજારો ખરાબ સમાચારો નહીં પણ તેની અપેક્ષાઓ પર ચાલે છે. જો કે યુરોપિયન એગ્રીનો મુદ્દો છે ત્યાં સુધી તે સીધી રીતે કોઈ સમસ્યા ઊભી કરી શકે તેમ નથી અને તેમાં કંઈક નવું બહાર નીકળે તેવી શક્યતા પણ ઓછી છે. તેનો મતલબ એવો બિલકુલ નથી કે અન્ય કોઈ ખરાબ સમાચાર ના આવે. સામાન્ય રીતે મોટા ખરાબ સમાચારો રાતો રાત નથી ઊભા થઈ જતા કે પેદા થતા. સિવાય કે દુબઈમાં જે કાંડ થયોતે સુચના આપવાનો સમય સમાચાર ચેનલ પાસે પણ નહોતો.

ખેર, હવે તો દુબઈમાં પણ સરકારે બિલિયન ડોલરનું બેલર જાહેર કરી દિધું છે જેના પગલે ત્યાં શેર બજારો પાંચ ટકા ઉછળ્યા હતા. અત્યારે એટલી સલાહ ચોકકસ, આપી શકાય કે લો વોલ્યુમ વધી ઘણી સ્ક્રીપ્સમાં વધારો આવ્યો છે અને તેના વેલ્યુએશન પણ ૪૦ પીઈ સુધી ઊંચકાઈ ગયા છે માટે તમારે પ્રોફીટ બુક કરવું કે લેણ કરવાનું ટાળવું.

# ૨૯ માર્ચ થી ૦૨ એપ્રિલ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૨૮૨)**
**સેન્સેક્ષ (૧૭૬૪૫)**
**તા. ૨૬.૩.૧૦**

અમોએ જણાવેલ કે 'હવે આપણે એફ એન્ડ ઓ એક્ષપાયરી સપ્તાહમાં છીએ અને બુધવારે રજા હોવાથી આ સપ્તાહ એક દિવસ નાનું રહેશે. ટેકનીકલ રીતે રૂખ ઉપર તરફ સાબૂત છે, જો કે સંકેતકો ખેંચાણના મોડમાં જણાઈ રહેલ છે અને તેથી આ સપ્તાહ ૫૩૦૦ સપાટીએ બંધ આવતું ચંચળતાભર્યું સપ્તાહ બની રહેશે. મહત્વની ધ્યાન રાખવા લાયક સપાટી ૫૨૨૦ છે, જો તે તૂટશે તો તે બજારની અવળી દીશાના એટલે કે નબળાઈના પ્રથમ સંકેત હશે. ૫૨૫૦ એ સુરક્ષોની પ્રથમ લાઈન છે.'

બજાર અપેક્ષા મુજબ સંપૂર્ણ રીતે હકારાત્મક રહેલ છે ચંચળ પણ રહેલ છે અને ૫૩૦૦ નજીક બંધ આપેલ છે.

ટેકનીકલી રૂખ હજુ ઉર્ધ્વમૂખી સાબૂત જ છે. જો કે બજાર ખેંચાણ અનુભવી રહેલ છે. હવે બજાર

**બજારનો રિવ્યૂ**



**પ્રકાશ ગાબા**
**મો. ૯૩૨૨૨૧૦૯૦૭**
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

નિફ્ટીમાં ૫૩૧૦ની સપાટી સાધ્ય કરવામાં જ છે અને આગામી ટ્રેડીંગ દિવસોમાં મહત્વનો ધ્યાન રાખવા લાયક મહત્વનો ટેકો ૫૨૫૦ જ્યારે મજબૂત ટે(? ૫૨૦૦ નો છે.

નિફ્ટી માટેનો ટેકો ૫૨૦૦ અને મજબુત પ્રતિકારક સપાટી ૫૪૦૦ છે.

સેન્સેક્ષ માટેનો ટેકો ૧૭૪૦૦ છે અને મજબુત પ્રતિકારક સપાટી ૧૭૮૦૦ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જ્યાં સુધી ૫૨૦૦ની સપાટી પર બજાર ટકી રહે ત્યાં સુધી હું લાંબા ગાળા માટે રોકાણ કરીને વેપાર કરવાની ભલામણ કરું છું.

તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે
MIDCAP - MULTI BAGGER ટીપ્સ
માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on
www.theeagleinvestor.co.in

# ૨૦૦૯-૨૦૧૦નું વર્ષ ઈન્વેસ્ટરો માટે ફળદાયી નીવડ્યું આશા રાખીએ આગામી ૨૦૧૦-૨૦૧૨૧નું વર્ષ શુભદાયી બને

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેરબજારનો સૂચકાંક ૧૭૬૦૦ આંક ઉપર બંધ આવ્યો છે. ૨૦૦૯-૨૦૧૦ ઈન્વેસ્ટરોની સંપત્તિમાં સારો એવો વધારો થયો છે. બેંકિંગ, સ્ટીલ, ફાઈનાન્સ, કેપીટલ ગુડઝ,પાવર ક્ષેત્રની કંપનીઓમાં ભાવ આસમાને પહોંચ્યા છે.

દરેક ઈન્વેસ્ટરને એમ થાયછે કે આ ઈન્ડેક્ષે કમાવાની તક છે કે નહીં. તો આનો જવાબ હા માં આપી શકાય. દરેક સારા કે ખરાબ બજારમાં એવી સ્ક્રીપો હોય છે જે ૬ થી ૧૨ માસ રાખનારને ખૂબ ફાયદો થતો હોય છે. અમે આ

**ગોલ્ડ માઈન**
**મોના વકીલ**

કોલમમાં અવારનવાર આવી સ્ક્રીપો આપતા રહીશું. દરેક નાના ઈન્વેસ્ટરોએ પોતાના પોર્ટફોલિયોમાં નાની માત્રામાં આવા શેરો સમાવતા રહેવું જોઈએ. ૨૯મી માર્ચ આ વર્ષના વલણનો છેલ્લો દિવસ છે ૩૦-૩-૨૦૧૦ થી નવા વર્ષના વલણનો સોદો શરુ થશે.

ઈકોનોમીનું ફન્ડામેન્ટલ અકબંધ છે. આપણા દેશમાંથી ગરીબી દૂર કરવી હોય તો આગામી ૩૦ વર્ષ દરમ્યાન ૮ થી ૯ ટકાના રેટથી ઈકોનોમીમાં પ્રગતિ થવી જોઈએ. ૫૦ થી વધુ ઉંમરના ઈન્વેસ્ટરોને ખ્યાલ હશે કે ૩૦ વર્ષ પહેલાં દેશની સ્થિતિ કેવી હતી અને હાલ કેવી છે. એ વખતે ફોરેનની વસ્તુઓ માટે ક્રેઝ છે. આજે મફતના ભાવે ઢગલાબંધ મળે છે. પહેલાં કપડા, ચોકલેટ, વગેરે સીમિત માત્રામાં હતા. અત્યારે ઢગલાબંધ મળે છે. છતાં હજુ ગરીબી તો તે જ છે. પણ આપણી આર્થિક સ્થિતિ સુધરી છે. એમાં બેમત નથી. અગાઉ વિદ્યાર્થીઓ બી.એ., બી.કોમ. થઈ બેંક અને રેલ્વેની નોકરી માટે ફાંફાં મારતા હતા. આજે તેજસ્વી વિદ્યાર્થીઓ બેંકની નોકરીઓની સામુ પણ જોતા નથી. કારણ કે પ્રાઈવેટ કંપનીઓ ડબલ પગાર આવા વિદ્યાર્થીઓને ઓફર કરે છે. આગામી અઠવાડીયામાં નીચે પ્રમાણે વિચારી શકાય.

**૧. તુલસીયાન એનઈસી**

**બીએસઈ કોડ. ૫૧૩૬૨૯** થી બીએસઈ ખાતે તથા એનએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૭૬ માં મળતો ટીએમટી બોનસ, એમ એસ એલોય બનાવતી સ્ટીલ ક્ષેત્રની આ કંપની ભવિષ્યની સુપરસ્ટાર છે.

(૧) આ કંપની છેલ્લા ૧૫ વર્ષથી નફો કરે છે. અને છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત ડિવિન્ડન્ડ ચૂકવે છે. જ્યારે સ્ટીલ ઉદ્યોગ સૌથી ખરાબ પિરીયડમાં ચાલતો હતો ત્યારે પણ ડીવિન્ડન્ડ ચૂકવેલ છે.

(૨) સૌથી આકર્ષક પાસું આ કંપનીનું એ છે કે તાજેતરમાં કંપનીએ ૩૦૦૦ ટન કેપેસીટી ધરાવતો ચિત્રકુટ સ્ટીલ એન્ડ પાવ પ્લાન્ટ જે તામીલનાડુમાં આવ્યો છે તે ખરીદ્યો છે. અને જેનું પ્રોડક્શન આવતા વર્ષના

**અનુસંધાન ૨ પાને**

**ધી ઈકોનોમિક રેવલ્યૂશન પ્રસ્તુત કરે છે**

**એસ્ટ્રો - ટેકનીકલ સેમીનાર**

હવે સેન્સેક્ષ કઈ દીશામાં ? ૨૦૫૦૦ કે પછી ૧૪૦૦૦
સોનું કઈ દીશામાં ? ૨૦૦૦૦ કે પછી ૧૪૦૦૦
ત્રાંબુ કઈ દીશામા ? રૂ. ૪૦૦ કે પછી રૂ. ૩૦૦
ક્રુડ ઓઈલનું શું ? ૯૫ ડોલર કે પછી ૬૫ ડોલર
હા, આ બધી બાબતોની ચર્ચા કરશે

**કર્નલ અજય (એસ્ટ્રોમનીગુરુ)**
www.astromoneyguru.com
(વિશ્વવિખ્યાત આથિંક ભવિષ્યવેત્તા)
ધી ઈકોનોમિક રેવલ્યૂશનના માનવંતા લેખક
અને સેલીબ્રીટી માર્કેટ એક્ષપર્ટ, સી એન બી સી, ઝી બીઝનેસ, બ્લૂમબર્ગટીવી, ઈ ટીવી
અને તેમને સાથ આપશે શેરબજારના જાદુગર,

**શ્રી શરદ કોટક,**
www.ki-trade.com
ટેકનીકલ એનાલીસ્ટ અને ધી ઈકોનોમિક રેવલ્યૂશનના માનવંતા લેખક
તેમ જ ભૂતપૂર્વ ફંડ મેનેજર ઓમાન (મસ્કત)
હા, આ અજોડ વિદ્વાનોનો લાભ મળશે એપ્રિલ ૨૦૧૦માં અમદાવાદ ખાતે
વિનામુલ્યે પ્રવેશ માટે હાલમાં જ રજીસ્ટ્રેશન કરાવો

રજીસ્ટ્રેશન માટે ૯૮૨૫૦૬૫૩૮૭ ઉપર ફોન કરો અથવા
theeconomicrevolution@yahoo.co.in
પર ઈ મેઈલ કરો,
વહેલા તે પહેલાના ધોરણે વિનામુલ્યે પ્રવેશ

# ચોથા ત્રિમાસીક ગાળાનાં પરિણામો, એફ આઈ આઈનો બજારમાં વહેતો નાણાકીય પ્રવાહ અને વૈશ્વિક બજારો, ભારતીય બજારની ચાલ માટેનાં અગત્યનાં પરીબળો

**તા. ૨૯ માર્ચ ૨૦૧૦ થી ૦૨ એપ્રિલ ૨૦૧૦**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન**

આ સપ્તાહે આપણે ખૂબ જ બારીકાઈથી વૈશ્વિક બજારો તેમ જ ચોથા ત્રિમાસીક ગાળાનાં પરિણામો પર નજર રાખવી પડશે કારણ કે તે બજારની ગતિમાં અગત્યનો ભાગ ભજવશે

**સેન્સેક્ષ ૧૭૬૪૪**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૨૯.૦૩.૧૦ થી ૦૨.૦૩.૧૦)**

આ સપ્તાહે ૧૭૭૩૮ અને ૧૭૫૫૯ અગત્યની સપાટીઓ છે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૭૭૩૮ ઉપર ટકી રહે અથવા તો ૧૭૫૫૯ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી**

૧૭૭૩૮, ૧૭૯૪૭, ૧૮૦૬૩ અને ૧૮૧૯૨

**પ્રતિકારક સપાટી** ૧૭૭૩૮, ૧૭૯૪૭, ૧૮૦૬૩ અને ૧૮૧૯૨

**૨૯.૦૩.૧૦ના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૧૭૭૩૮થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૭૮૯૨-૧૭૯૪૭ રહેશે. નહીંતર તે ૧૭૩૯૩-૧૭૩૩૮ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી** ૧૭૫૫૯, ૧૭૪૬૬, ૧૭૩૯૩ અને ૧૭૩૩૮

**પ્રતિકારક સપાટી** :૧૭૭૩૮, ૧૭૮૦૯, ૧૭૮૯૨ અને ૧૭૯૪૭

**નિફ્ટી ૫૨૮૨**

**આગામી સપ્તાહે નિફ્ટી પર ટેકનીકલ દ્રષ્ટિકોણ**

**(તા. ૨૯.૦૩.૨૦૧૦ થી તા. ૦૨.૦૩.૧૦)**

આ સપ્તાહે ૫૩૧૧ અને ૫૨૫૭ ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૫૩૧૧ ઉપર અથવા તો ૫૨૫૭ નીચે ટકી રહે તો તે અગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી** ૫૨૫૭, ૫૨૦૬, ૫૧૬૩ અને ૫૧૧૨

**બાય એન્ડ સેલ**

**રમેશચંદ્ર**
**મો. ૯૮૯૪૦૪૩૦૯૦**
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

**પ્રતિકારક સપાટી** ૫૩૧૧, ૫૩૭૪, ૫૪૦૯ અને ૫૪૪૮

**૨૯.૦૩.૧૦ના રોજ નિફ્ટીની પરિસ્થિતિ**

આજે, જો નિફ્ટી ૫૩૧૧ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૩૫૭-૫૩૭૪ રહેશે. નહીંતર નિફ્ટી ૫૨૦૬-૫૧૮૯ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી** ૫૨૫૭, ૫૨૨૮, ૫૨૦૬ અને ૫૧૮૯

**પ્રતિકારક સપાટી**

૫૩૧૧, ૫૩૩૨, ૫૩૫૭ અને ૫૩૭૪

**અનુસંધાન ૨ પાને**



# ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

**- નિશેષ જાની (મો) ૯૩૭૭૦૦૮૭૦૮**

**નમસ્કાર મિત્રો,**

**મુમેન્ટમ કોલ્સ :** મિત્રો ગયા સપ્તાહે આપણે ઉચ્ચારેલું કે બજારો તીવ્ર ગતિએ ચાલી રહ્યા છે અને જો વાહન ચલાવતી વખતે હેલ્મેટ ના પહેરીએ તો ઈજા થઈ શકે છે. તેમજ બજારોમાં રિસ્ક મેનેજમેન્ટ ના કરીએ તો ઈજા થઈ શકે છે.

અત્રે આપણે મુવમેન્ટમ ટ્રેડીંગ સ્ટોક આપ્યા છે. સાથે સાથે અમે તમને માર્ચ મહિનાનો પુટ ઓપ્શન કરીને રાખવાની સલાહ પણ આપીએ છીએ. કે જે તમારી બાય પોઝીશન સામે હેજીંગ હેલ્મેટનું કામ કરશે.

**આગામી સપ્તાહે નીચેના શેરોમાં ટ્રેડીંગ માટે ધ્યાન આપી શકાય.**

**ટાટા મોટર્સ :-** ૮૦૦ ઉપર લઈ જઈને આ શેરને ખૂબ જ ઘટાડ્યો છે. ઓવર સોલ્ડમાં હોવાથી ૭૨૫નો સ્ટોપલોસ રાખીને ૭૭૦ અને ૭૮૨ના ટાર્ગેટ માટે લેણ કરવું.

**એવેરેસ્ટ કાંટો :-** ગત સપ્તાહે અમુક ઓપરેટરની લેવાલી જોવાા મળેલી. લેણ કરનારે ૧૧૫નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧૩૦ અને ૧૪૫નો ટાર્ગેટ આગામી સપ્તાહે જ મળી શકે છે. ૧૧૫નાં સ્ટોપલોસથી ખરીદો ટાર્ગેટ ૧૩૦ થી ૧૪૫.

**આઈએફસીઆઈ :-** દિલ્હી સ્થિત એક સીન્ડીકેટની આ ફેવરીટ જાત છે અને ફરીથી એમાં મુવમેન્ટ આવવાની વકી છે. ટેકનીકલ પ્રમાણે ૫૩ ઉપર લેણ કરીને ૪૩નો સ્ટોપલોસ રાખવો અને ૬૪ નો ટાર્ગેટ રાખવો.

**જી.ઈ.શીપીંગ :-** ઘણાં સમયથી ઠંડી પડી રહેલી આ સ્ક્રીપમાં ૨૯૦ના સ્ટોપલોસ સાથે લેણ કરીને ૩૦૮ અને ૩૧૮નો ટાર્ગેટ રાખવો.

**જી.વી. કે. પાવર :-** ૪૧ રૂપિયાના સ્ટોપલોસ સાથે ૪૯નો ટાર્ગેટ રાખી લેણ કરવું. સારા સમાચાર આવી શકે છે.

**એનએમડીસી :-** એફપીઓ બાદ તોડી નાખેલી આ પીએસયુ સ્ક્રીપમાં ૨૮૨નો સ્ટોપલોસ રાખીને ૩૧૦ અને ૩૨૫નો ટાર્ગેટ રાખી કામ કરવું.

**એપ્રિલ મહિનાને અંતે વાર્ષિક અહેવાલો બજારની ચાલ નક્કી કરશે નિફ્ટી ૫૭૦૦ અથવા ૪૬૭૭**

**શરદ કોટક**

# ઓવર વેલ્યુ-અન્ડર વેટ- બુક પ્રોફીટ-નાનું રોકાણ ટાળવું

**ફંડામેન્ટલ સ્ટોક વ્યૂહ**

**ઝાયડસ વેલનેસ લી.**

**ભલામણ :** ઓવર વેલ્યુ-અન્ડર વેટ- બુક પ્રોફીટ-નાનું રોકાણ ટાળવું.

**કંપની વિશે :** કેડીલા ગ્રુપ એ કારનેશન ન્યુટ્રા એનાલોગ ફૂડને હસ્તગત કર્યા બાદ કેડીલા હેલ્થકેર તેના કન્ઝયુમર પ્રોડક્ટ બીઝનેસને સીએનએફએલમાં મર્જ કરીને તેને ઝાયડસ વેલનેસ નામ આપ્યું. કંપની પાસે સુગર ફ્રી નામની પોપ્યુલર બ્રાન્ડ છે. એ સિવાય ન્યુટ્રાલાઈટ, એવરયુથ પણ છે.

**સુગર ફ્રી એ ઈન્ડિયાનું સૌથી વધારે વેચાતું સ્વીટનર છે.**

૭૮ ટકાના માર્કેટ શેર સાથે અસ્પાર્ટમાસ અને સુક્રાલોસ કેટેરીમાં હિસ્સો ધરાવે છે. હાલમાં જ તેને સુગર ફ્રી બ્રાન્ડ નામનો વપરાશ કરવા સુગર ફ્રી ડીલાઈટ પણ લોંચ કર્યું છે.

**માખણની બ્રાન્ડ ન્યુટ્રાલાઈટ :** હેલ્થકેર ફીટનેશ કોન્સિયસ ગ્રાહકો માટે કોલેસ્ટ્રોલ ફ્રી બટર તરીકે ન્યુટ્રાલાઈટ અત્યંત પ્રસિદ્ધ થયું છે. તેમાં કોઈ જ હાઈડ્રોનેટેડ અને ટ્રાન્સ ફેટ નથી. સેટરેટેડ ફેટમાં પણ લો છે. ન્યુટ્રાલાઈટ એ વિટામીન એ, ડી અને ઈ પણ ધરાવે છે.

**એવરયુથ સ્કીન કેર ટ્યૂબ :** સ્કીનકેરની જુદી જુદી પ્રોડક્ટ એવરયુથ બ્રાન્ડ નીચે વેચાણ કરે છે. સ્ક્રબ અને પીલ ઓફ કેટરોમાં પેટર્ન અને ફેસ વોશ બ્રાન્ડમાં બીજો ક્રમ ધરાવે છે.

તમે પૂછશો કે આવી સ્ટ્રોંગ બ્રાન્ડ અને માર્કેટ શેર ધરાવતા છતાં પણ અમે ઝાયડસ વેલનેસ ને કેમ પ્રોફીટ બુક કરવાની સલાહ આપીએ છીએ ?

પ્રથમ કારણ એ છે કે વેચાણ અને નફામાં વૃદ્ધિની સામે વેલ્યુએશન અત્યંત ઉંચા છે. બીજુ કારણ છે કે અન્ય શેરોમાં સારી તકો છે અને નીચે વેલ્યુએશન છે.

ચાલો આ શેરના ફન્ડામેન્ટલ પણ ચેક કરીએ. આ કંપની ૧૦૦ ટકા દેવા મુક્ત છે. ૧૦૦ ટકા ડેબ્ટ ફ્રી ગુડ ફોર લોંગ ટર્મ સસ્ટેઈનેબલ ગ્રોથ. પીઈ મલ્ટીપલ ૪૨ છે કે જે વેચાણ અને નફામાં વૃદ્ધિની સામે અત્યંત ઊંચો છે. પીઈ મલ્ટીપલ ૪૨ ટકા વેરી હાઈ અને એબોવ સેલ્સ અને સેલ્સ અને પ્રોફીટ ગ્રોથ રેટ.

પ્રાઈસ ટુ બુક વેલ્યુ રેશિયો અત્યંત ઊંચો ૧૮ ગણો છે. પ્રાઈસ તો કેશ ફ્લો રેશિયો ૪૧ ગણો છે. ડીવિડન્ડ યીલ્ડ માત્ર ૦.૩૯ ટકા છે. આમ ઓવરઓલ વેલ્યુએશન અત્યંત ઉંચું છે અને માર્જીન ઓફ સેફટી ચાલુ ભાવે નથી.

આમ અમે આ શેરમાં પ્રોફીટ બુક કરવાની સલાહ આપીએ છીએ અને નવું રોકાણ કરવા માટે ટાળવાનું કહીએ છીએ.

**મ્યુચ્યુઅલ ફંડ પીક**

**પેનિક એન્ડ પ્રોફીટ**



**નિશેષ એમ. જાની**
**મો. ૯૩૭૭૦૦૮૭૦૮**

**ફ્રેન્કલીન ઈન્ડિયા બ્લુ ચીપ ફંડ :**

**ભલામણ :** લાંબાગાળા માટે કન્ઝર્વેશન રોકાણકારો માટે ઉત્તમ છે.

**કોમોડીટી અપડેટ :**

જેઓ માત્ર લેખના નિયમિત વાંચક છે તેઓને ખબર હશે કે આપણે ડાઉ થિયરી અને કોમ્પ્લેક્ષ વેવ થિયરી પ્રમાણે વ્યુહ દર્શાવીએ છીએ.

પ્રથમ ચાર્ટ કોમેક્ષ ગોલ્ડનો છે. ગોલ્ડમાં વેવ સ્ટ્રક્ચર નીચે મુજબ છે.

**વેવ ૧ (ડાઉન) ૧૨૨૬ થી ૧૦૭૫**
**વેવ ૨ (અપ) ૧૦૭૫ થી ૧૧૬૧**
**વેવ ૩ (ડાઉન) ૧૧૬૧ થી ૧૦૪૪**
**વેવ ૪ (અપ) ૧૦૪૪ થી ૧૧૩૦**
**વેવ ૫ ડાઉન ?**

આમ વેવ સ્ટ્રક્ચર અને કેલ્ક્યુલેશન પ્રમાણે વેવ ૫ નો ટાર્ગેટ ૯૦૦ થી ૮૦૦નો બની શકે છે.

જો આપણે વેવ સ્ટ્રક્ચર જોઈએ તો એમાં લોઅર ટોપ અને લોઅર બોટમ બને છે. હવે આ પેટર્ન પુરી કરવ માટે ગોલ્ડને ૧૦૪૪ નીચે જવું પડશે. આ લેવલ નીચે ત્રણ સતત બંધ મંદીનો રુખ કન્ફર્મ કરી દેશે.

**બીજો ચાર્ટ એમસીએક્સ ગોલ્ડનો છે :** હાયર ટોપ અને હાયર બોટમ બતાવતો ચાર્ટ જુઓ.

છેલ્લા હાયર બોટમ ૧૫૯૫૦ છે. હવે હાયર ટોપ અને હાયર બોટમ ફોર્મેશન પુરી કરવા માટે ૧૫૯૫૦ નીચે ટકવું જરુરી છે, પરંતુ આપણી ગોલ્ડ પ્રાઈઝ કોમેક્ષના ગોલ્ડ ભાવો પર અત્યંત નિર્ભર છે. માટે આપણે આ ભાવોને ૩ ટકા ફિલ્ટર કરીશું અને મૂડીનું મંદીની રુખ ૧૫૪૫૦ નીચે માનીશું. આની સથે ગોલ્ડ ૪૪૦૦ પોઈન્ટની મોટી હેડ એન્ડ સોલ્ડર પેટર્ન પણ બતાવે છે. હેડ એન્ડ સોલ્ડર પેટર્ન નું કન્ફર્મેશન બે રીતે મળી શકે છે. એક તો એમ કે ગોલ્ડ ત્રણ વાર કોમેક્ષ પર ૧૦૪૪ અને એમસીએક્સ પર ૧૫૪૫૦ નીચે બંધ આવે ત્યારે. અને આમ થાય તો મારો ટાર્ગેટ ૧૨૫૦૦ છે.

**યુ. એસ. ડોલર ઈન્ડેક્ષ**

૭૫ના લેવલ થી હું ડોલર ઈન્ડેક્ષ પર બુલિશ છું અને અત્યારે ૮૧ ચાલી રહ્યો છે. અત્રે વેવ પેટર્ન બતાવતો ચાર્ટ આપ્યો છે.

**વેવ ૧ (અપ) ૭૨.૨૩ થી ૭૮.૪૫**
**વેવ ૨ (ડાઉન)૭૮.૪૫ થી ૭૬.૯૦**
**વેવ ૩ (અપ) ૭૮.૯૦ થી ૮૧.૩૪**
**વેવ ૪ (ડાઉન) ૮૧.૩૪ થી ૭૯.૫૧**
**વેવ ૫ અપ-ચાલુ થશે ૮૧.૩૪ ઉપર**

**મુમેન્ટમ કોલ્સ :** મિત્રો ગયા સપ્તાહે આપણે ઉચ્ચારેલું કે બજારો તીવ્ર ગતિએ ચાલી રહ્યા છે અને જો વાહન ચલાવતી વખતે હેલ્મેટ ના પહેરીએ તો ઈજા થઈ શકે છે. તેમજ બજારોમાં રિસ્ક મેનેજમેન્ટ ના કરીએ તો ઈજા થઈ શકે છે.

અત્રે આપણે મુમેન્ટમ ટ્રેડીંગ સ્ટોક આપ્યા છે. સાથે સાથે અમે તમને માર્ચ મહિનાનો પુટ ઓપ્શન ખરીદીને રાખવાની સલાહ પણ આપીએ છીએ. કે જે તમારી બાય પોઝીશન સામે હેજીંગ હેલ્મેટનું કામ કરશે.

**આગામી સપ્તાહે નીચેના શેરોમાં ટ્રેડીંગ માટે ધ્યાન આપી શકાય.**

**ટાટા મોટર્સ :-** ૮૦૦ ઉપર લઈ જઈને આ શેરને ખૂબ જ ઘટાડ્યો છે. ઓવર સોલ્ડમાં હોવાથી ૭૨૫નો સ્ટોપલોસ રાખીને ૭૭૦ અને ૭૮૨ના ટાર્ગેટ માટે લેણ કરવું.

**એવેરેસ્ટ કાંટો :-** ગત સપ્તાહે અમુક ઓપરેટરની લેવાલી જોવાા મળેલી. લેણ કરનારે ૧૧૫નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧૩૦ અને ૧૪૫નો ટાર્ગેટ આગામી સપ્તાહે જ મળી શકે છે. ૧૧૫નાં સ્ટોપલોસથી ખરીદો ટાર્ગેટ ૧૩૦ થી ૧૪૫.

**આઈએફસીઆઈ :-** દિલ્હી સ્થિત એક સીન્ડીકેટની આ ફેવરીટ જાત છે અને ફરીથી એમાં મુવમેન્ટ આવવાની વકી છે. ટેકનીકલ પ્રમાણે ૫૩ ઉપર લેણ કરીને ૪૩નો સ્ટોપલોસ રાખવો અને ૬૪ નો ટાર્ગેટ રાખવો.

**જી.ઈ.શીપીંગ :-** ઘણાં સમયથી ઠંડી પડી રહેલી આ સ્ક્રીપમાં ૨૯૦ના સ્ટોપલોસ સાથે લેણ કરીને ૩૦૮ અને ૩૧૮નો ટાર્ગેટ રાખવો.

**જી.વી. કે. પાવર :-** ૪૧ રૂપિયાના સ્ટોપલોસ સાથે ૪૯નો ટાર્ગેટ રાખી લેણ કરવું. સારા સમાચાર આવી શકે છે.

**એનએમડીસી :-** એફપીઓ બાદ તોડી નાખેલી આ પીએસયુ સ્ક્રીપમાં ૨૮૨નો સ્ટોપલોસ રાખીને ૩૧૦અને ૩૨૫નો ટાર્ગેટ રાખી કામ કરવું.

# બેઝ મેટલમાં ઘટાડે ખરીદારી તરફી વલણ જોવા મળે

ગયા સપ્તાહમાં વિવિધ કોમોડીટીઝમાં રેન્જ બાઉન્ડ વલણ જોવા મળ્યું. બેઝ મેટલમાં કોપર સારુ હોલ્ડ કરી રહ્યું છે. સાથે નિકલમાં પણ ઊછાળો જોવા મળ્યો. આગામી સપ્તાહમાં બેઝ મેટલમાં ઘટાડે ખરીદારી જોવા મળે. કોપરમાં ધ્યાન તેજી તરફી છે. એનર્જીમાં ક્રૂડ માં સપ્તાહમાં સામાન્ય ઘટાડો છે. સોનામાં બંને તરફી વધઘટ છે.ઘડાટા તરફી વલણ છે પણ નીચેથી ભાવને સપોર્ટ જોવા મળે છે. આંતરરાષ્ટ્રીય ભાવમાં સપોર્ટ લઈ રહ્યું છે. ગ્રીસમાં બેલ આઉટ પગલે સપ્તાહના અંતે ડોલર નબળો પડતા નીચેથી સુધારો જોવા મળ્યો છે.

**એનર્જી :**

**ક્રૂડનો ક્યાસ :** આંતરરાષ્ટ્રીય ક્રૂડમાં સીમિત રેન્જમાં વેપાર છે. નીચામાં ૭૯ ડોલર જોવા મળે. ૭૮.૮૦ ડોલરથી ૮૨.૩૦ ડોલરની રેન્જ છે. નીચેમાં ૭૮.૮૦ ડોલરની નીચે ૭૭ ડોલરનો સપોર્ટ છે. આવતા સપ્તાહે નજીવો ઘટાડો જોવા મળી શકે. નીચેથી ઘટાડે ૭૭ ડોલરના સપોર્ટથી વધારા તરફી વલણ ઉપરમાં ૮૨.૩૦ ડોલરનું રેસીસ્ટન્સ લેવલ છે. ટૂંકાગાળા માં રેન્જ માં ફરતા રહેશે. એમસીએક્સમાં ક્રૂડમાં ઘટાડા તરફી વલણમાં ૩૫૮૯-૩૫૬૧ તરફી ધ્યાન અપાય. નીચેમાં ૩૫૧૦નો સપોર્ટ છે. મંદી નથી રેન્જ બાઉન્ડ ટ્રેડીંગમાં ઘટાડે સપોર્ટથી લેણમાં ઉપરમાં ૩૬૬૮ થી ૩૭૦૪ લેવલ માટે ધ્યાનમાં રાખો.

**નેચરલ ગેસ :** નેચરલ ગેસમાં ઘટાડો સ્થિર થયો છે. ભાવ ૧૮૦ થી ૧૯૦ આસપાસની રેન્જમાં છે. નીચેમાં ઘટાડા તરફી વલણમાં ૧૭૫ સુધીના શક્ય છે. નીચેમાં લેણ તરફી ધ્યાનમાં ૧૬૮ના સપોર્ટથી ઉપરમાં ૧૮૫થી ૧૯૬ જોવા મળે. ટૂંકાગાળામાં ઘટાડા બાદ ફરી ઉપરની રુખ જોવા મળે તેવી સંભાવના છે.

**હોટ કોમોડીટીઝ**



**પ્રતિક સોની**
**મો. ૯૫૩૭૨૦૧૯૭૭**

**તાંબામાં ટેકનીકલ લેવલ :** તાંબામાં ભાવ મક્કમ છે. ઘટાડે સુધારો જોવા મળે છે. એમસીએક્સમાં ૩૩૩ નું સ્ટ્રોંગ હોલ્ડ કરી રાખ્યું છે. અને નીચેથી વધારો જોવાય છે. ઘટાડે ખરીદી કરીને ઉપરમાં ૩૪૨ થી ૩૪૭ ના ભાવો જોવા મળે. નીચેમાં ૩૩૩નો સપોર્ટ લેવલ છે. જે ધ્યાનમાં લેવું. ટ્રેડીંગ રેન્જ ૩૩૭ થી ૩૪૭ ની જોવા મળે. તેમજ ૩૪૭ની ઉપર સાપ્તાહિક બંધ આપતા ઝડપી તેજી તરફી રુખ જોવા મળે.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતરરાષ્ટ્રીય સોનામાં ૧૦૮૦ ડોલરનો સપોર્ટ ધ્યાનમાં લેવો. જ્યાં ઉપરમાં ૧૧૧૨ થી ૧૧૨૪ ડોલર જોવા મળે. ઉપરમાં ૧૧૩૫નું પ્રથમ રેજીસ્ટન્સ લેવલ છે. નીચે ઘટાડા માટે ૧૦૮૦ ડોલર તુટતાં નીચે ૧૦૬૦ થી ૧૦૪૫ ડોલર જોવા મળે. ત્યાં સુધી ૧૦૮૦ ડોલરથી ૧૧૨૫ ડોલરની રેન્જ જણાય. ટૂંકાગાળામાં સીમિત દાયરામાં ફરતા ભાવ જોવા મળે છે. એમસીએક્સમાં ઉપરમાં ૧૬૩૮૦ થી ૧૬૪૯૨ નો ભાવ જોવા મળે. ૧૬૫૩૫નું રેસીસ્ટન્સ લેવલે છે તેની ઉપર જતા વધુમાં ૧૬૭૧૦ તરફી ધ્યાન અપાય. નીચેમાં ૧૬૨૦૦ના સપોર્ટથી ધ્યાન તેજી તરફી છે જે તૂટે તો જ ઘટાડો જોવા મળે. ટૂંકાગાળામાં ૧૬૨૦૦ થી ૧૬૮૦૦ની મોટી રેન્જમાં ભાવ ફરતા રહેશે. મધ્યમગાળામાં એમસીએક્સમાં ધ્યાન આપીએ તો ૧૬૦૦૦ થી ૧૭૦૦૦ની રેન્જ તેની વચ્ચે ભાવ ફરતા રહેશે. આ રેન્જ તૂટતા તેજી કે મંદીની લાઈન ક્લીયર થશે. જો કે ઘટાડે હાલ ધ્યાન ખરીદારી તરફી છે.

**ચાંદીની ચાલ :** આંતરરાષ્ટ્રીય ચાંદીમાં ભાવ ૧૬.૫૦ ડોલરથી સપોર્ટ જોવા મળ્યો છે. અને ઉપરમાં ૧૭.૧૫ ડોલર જોવા મળે. નજીકની રેસીસ્ટન્સ ૧૭.૨૧ પર છે. તેની ઉપર બંધ આપે તો તેજી તરફી રુખ ૧૭.૫૦થી ૧૭.૮૫ ભાવ દાખવી શકે. નીચે ઘટાડા માટે ૧૬.૫૦ના સપોર્ટ પર નજર રાખવી. એમસીએક્સમાં ચાંદી સોનાના પ્રમાણમાં જણાવ્યા પ્રમાણે સ્ટ્રોંગ હોલ્ડ કર્યું છે. ઉપરમાં ૨૬૫૦૦ થી ૨૬૬૭૦નો ભાવ ધ્યાનમાં લેવો. ૨૬૭૦૦ ઉપર બંધ આપતા ૨૭૦૦૦ જોવા મળે. નીચેમાં ૨૬૧૫૦ની સપાટી ધ્યાનમાં લેવી. તેની નીચે જતા ઘટાડો જોવા મળે. જ્યાં નીચે ૨૬૦૦૦ થી ૨૫૮૭૦ એક સીમિત દાયરામાં કારોબાર જોવા મળે. ટૂંકાગાળાની ૨૬૦૦૦ થી ૨૭૦૦૦ની રેન્જ છે.



Madhav Ranade
(M) 09371002943 or
email:
sumamura@dataone.in

## તા. ૨૯ માર્ચ થી ૦૨ એપ્રિલ ૨૦૧૦ નાં ટ્રેડીંગ લેવલ્સ

સોમવારે બજાર નબળું ખેલ્યું પરંતુ પછી તેણે ઘટાડો ઝડપથી ભરી પણ દીધો. આ દશાવે છે કે વ્યાજ દરમાં જે વધારો કરવામાં આવેલ છે તે તરફે બજારે ખાસ નકારાત્મક પ્રત્યાઘાત આપેલ નથી. એ સ્પષ્ટપણે જણાઈ આવે છે કે બજારે એપ્રિલ માસમાં બીજો ૦.૨૫ ટકાનો વધારો થાય તો તેને પણ અત્યારથી પચાવી દીધેલ છે.

હવે બજારની ચાવી વાર્ષિક પરિણામોના તાબામાં છે અને જયાં સુધી આ પરિણામોની ઋતુ ચાલુ ન થાય ત્યાં સુધી બજાર સાઈડવેમાં જ રહેશે તેમ જણાય છે. એવી અપેક્ષા છે વૈશ્વિક બજાર તરફથી આગળના માર્ગના કોઈ સંકેતો મળે.

પુટ અથવા કોલ માં ખૂબ સારો વ્યૂહ જોવા મળી રહેલ છે. તેથી હવે એમ લાગે છે બજાર એક દમ નીચેની ગતિ દર્શાવી શકશે નહીં.

આ સાથે મેં નીચે આપેલ લેવલ્સ તમને ટ્રેડીંગમાં સારી એવી મદદ કરશે.

ચાલો આપણે જોઈએ કે આવનાર સપ્તાહ કેવું નિવડશે. નીચે આપેલ સપાટીએ તમને કેટલિક મદદ પણ કરી શકશે.

હું કેટલાક ઈન્ડેક્ષની સાપ્તાહિક સપાટીઓ આપી રહેલ છું, તમને આ દર સપ્તાહે મળશે, હા, બીએસઈ ઈન્ડેક્ષ સાથે જ...કેટલાક વાચકો એવા પણ છે કે જેઓ સમજી શહકતા નથી કે આ ઈન્ડેક્ષના લેવલનો ઉપયોગ કેવી રીતે કરવો. સામાન્ય રીતે તમારે જોવાનું હોય છે કે આ કોઈ ખાસ ઈન્ડેક્ષ લોંગ ઝોનમાં છે કે પછી શોર્ટ ઝોનમાં. આ છી તમે આ સેકટરમાં ટોપના ૨ થી ૩ શેરોમાં કોરસ્પોન્ડીંગ પોઝીશન લો છે જો તમે હેલ્થ કેર પર નજર કરશો અને જો તે લોંગ દર્શાવેતો તમે સીપલા, રેનબક્ષી, ડો. રેડ્ડીવગેરેમાં લોંગ થઈ શકો છ.

**તમે મને યાહુ મેસેન્જરમાં** madhavranade1@yahoo.com **માં એડ પણ કરી શકો છો અને ઉપર જણાવેલ સરનામે ફોન અથવા તો ઈ મેઈલ પણ કરી શકો છો.**

| posn trading lvls | | date | 29th march / 2nd april 2010 | |
|---|---|---|---|---|
| stock / index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 17490 | 17340/190/040/16890 | 17595 |
| | long | 17700 | 17800/890/990/18080 | 17595 |
| BSE auto index | short | 7510 | x | 7580 |
| | long | 7650 | x | 7580 |
| BSE bank index | short | 10600 | x | 10700 |
| | long | 10700 | x | 10600 |
| BSE capital goods | short | 13930 | x | 14060 |
| | long | 14060 | x | 13930 |
| BSE FMCG index | short | 2825 | x | 2850 |
| | long | 2850 | x | 2825 |
| BSE health index | short | 5255 | x | 5305 |
| | long | 5305 | x | 5255 |
| BSE metal index | short | 17870 | x | 18070 |
| | long | 18070 | x | 17870 |
| BSE oil & gas INDEX | short | 10120 | x | 10220 |
| | long | 10220 | x | 10120 |
| BSE PSU index | short | 8950 | x | 9025 |
| | long | 9025 | x | 8050 |
| BSE realty index | short | 3185 | x | 3230 |
| | long | 3230 | x | 3185 |

**બાય એન્ડ સેલ પાન નં. ૧ નું ચાલુ**

**સાપ્તાહિક ખરીદી**

**એસ કે એમ એન્જીનીયરીંગ પ્રોડક્ટસ**

**બી એસ ઈ કોડ**

**હાલનો ભાવ રૂ. ૧૯ થી ૨૦**

**એસ કે એમ એન્જીનીયરીંગ પ્રોડક્ટસ ખરીદો** - આ શેર રૂ. ૧૭ નો ટેકો ધ્યાનમાં રાખીને ઘટાડે ખરીદો. એક માસનો લક્ષાંક રૂ. ૨૭ થી ૩૦

આ કંપની ફૂડ પ્રોસેસીંગમાં કાર્યરત છે. છેલ્લા ચાર વર્ષ દરમ્યાન ખૂબ સારું વેચાણ તેમ જ નફો પણ કરેલ છે. બીજા હરિફોની સરખામણીમાં સારી શેરદીઠ આવક, પી.ઈ. રેશિયો અને ચોખ્ખો નફો ધરાવે છે. છેલ્લા ચાર વર્ષથી ડીવીડન્ડ પણ આપે છે.

હવે આ કંપની તેનાં ઉત્પાદનો વૈશ્વિકસ્તરે પ્રસરાવવા માટે બીજાં વ્યૂહાત્મક જોડાણો કરી રહેલ છે. (આ કંપનીનાં ઉત્પાદનો માટે યુરોપ અને એશિયા ખાતે સારાં બજારો ઉપલબ્ધ છે), આ ઉપરાંત આ કંપની તેના માળખાની પુનરચના કરી રહેલ છે તેમ જ તેના ઉત્પાદન અને વિચાર વિભાગનું વિસ્તૃતિકરણ પણ કરી રહેલ છે.

અમોને અપેક્ષા છે કે આ શેર આવનાર એક કે બે માસમાં પર સપ્તાહની નવી ઉંચી સપાટી દર્શાવશે. જયારે તેમની હરિફ કંપનીઓ નકારાત્મક આંકડા સાથે બહાર આવી રહેલ છે.

આ કંપનીને વાર્ષિક ધોરણે વેચાણ અને નફામાં વૃધ્ધિ દર્શાવેલ છે. આ કંપનીનાં પરિણામો પણ આશ્ચર્ય સર્જનાર બની રહેશે તેવી અમને અપેક્ષા છે.

**સાપ્તાહિક દ્રષ્ટિકોણથી ખરીદી**

| SCRIP | CLOSE | SUPPORTS | RESISTANCES |
|---|---|---|---|
| BANKINDIA | 321 | 315,308 | 332,339 |
| BRFL | 216 | 214,207 | 229,236 |
| ESSAROIL | 140 | 135,132 | 148,155 |
| HINDUNILVR | 237 | 232,225 | 245,252 |
| INDIACEM | 133 | 129,124 | 142,149 |
| KOTAKBANK | 750 | 743,726 | 783,804 |
| NALCO | 391 | 388,381 | 408,415 |
| RCOM | 167 | 164,161 | 175,180 |
| RELMEDIA | 223 | 214,207 | 236,243 |
| RELIANCE | 1095 | 1062,1031 | 1152,1185 |

**ગોલ્ડ માઈન પાન નં. ૧ નું ચાલુ**

આંકડાં મોટા પાયે દેખાશે.

(૩) કંપની વિન્ડ ફાર્મ તામીલનાડુમાં ધરાવે છે. જેણે ૭૧૧૮૨૮ યુનિટવિજળી ગયા વર્ષે ઉત્પન્ન કરેલ. આ ઉપરાંત કંપનીએ ૩૫ મેગાવોટનો નવો પાવર પ્લાન્ટ નાખવા ૭૫ એકર જમીન તાજેતરમાં ખરીદેલ છે.

(૪) ૩૧-૧૨-૦૯ ના કવાર્ટરના પરિણામો અતિઆકર્ષક છે. આ ક્વાર્ટરમાં કંપનીએ ૪ કરોડની કેપીટલ ઉપર ૪૦ લાખનો ટેક્ષ ચૂકવ્યા બાદ બે કરોડ ૩૨ લાખનો નફો કર્યો છે. અને સાડા ચાર રૂપિયાની ઈપીએસ બતાવી છે. જે ૩૧-૧૨-૦૮ના કવાર્ટરમાં ૧ કરોડ ૧૦ લાખનો લોસ હતો. અમારા અભ્યાસ પ્રમાણે આ કંપની આગામી વર્ષમાં ૨૨ થી ૨૫ રુપિયા ઈપીએસ બતાવી શકે છે. આમ ફક્ત ૩ ના પીઈથી મળે છે.

(૫) કંપની પાંચ કરોડની શેરમૂડી સામે ૭૦૦ થી ૮૦૦ કરોડનું વેચાણ ધરાવે છે. જે ખૂબ જ સુંદર કહેવાય. સહેજ જો માર્જીનમાં વધારો થાય તો ૪૦ થી ૫૦ પણ ઈપીએસ ભવિષ્યમાં આવી શકે. સ્પોન્જ આયર્ન પ્લાન્ટ તાજેતરમાં ખરીદ્યા બાદ આવું બની શકે.

(૬) કંપની એક્ષપોર્ટ ક્વોલિટીના પગમાં પહેરવાના ગરમ મોજા પણ બનાવે છે. આ બધું જોતાં દરેક ઈન્વેસ્ટરો ૧૦૦ થી ૨૦૦ શેર કંપનીના આ ભાવે લેવા જેવા છે. એક વર્ષ રાખનારને સુંદર વળતર મળશે.

**૨. રિયલ સ્ટ્રીપી લી.**

**બીએસઈ કોડ. ૫૧૩૫૫૮** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૪૮ માં મળતી આ કંપની પણ આગામી વર્ષમાં સુંદર વળતર આપશે. જેના કારણો નીચે મુજબ છે.

(૧) કંપનીની શેરમૂડી પાંચ કરોડની છે જેની સામે કંપની ૨૦૦ કરોડનું વેચાણ ધરાવે છે.

(૨) ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ માટે કંપની ૧૫ રૂા. ઈપીએસ બતાવી શકે આમ ફક્ત ૩ ના પીઈથી મળે છે.

(૩) આ કંપનીનો ફલોટીંગ સ્ટોક ખૂબ ઓછોછે. પાતળા સોદામાં ૧૦ થી ૨૦ ટકાની સર્કિટ લાગી જાયે .

(૪) જાણીતા મોટા ઓપરેટરને આ સ્ક્રીપમં રસ છે અને ૨૦૧૦ના અંત પહેલાં આ કાઉન્ટરમાં મોટી વધઘટ આવી શકે.

**૩. મુદ્રા લાઈફ સ્ટાઈલ લી.**

**બીએસઈ કોડ. ૫૩૨૮૨૦** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૧૦નો રૂા. ૩૫માં મળતો આ શેર અચુક લેવા જેવો છે.

(૧) ટેક્ષટાઈલ ક્ષેત્ર અત્યારે વિકાસના તબક્કામાં છે. આ કંપનીનો પબ્લિક ઈસ્યુ ૯૦ રૂા.ના ભાવે બે વર્ષ પહેલાં આવેલો. અને પ્રમોટરોએ ૨૫ ટકા સ્ટેક ઘટાડેલ છે. હાલ ૬૦ સ્ટેક પ્રમોટરો પાસે છે. આમ ૯૦ રૂાનો શેર ૫૦ ટકા થી વધારે ડીસ્કાઉન્ટે મળે છે.

(૨) જાણકાર સુત્રો જણાવે છે કે આ કંપની અત્યારે સુંદર પ્રગતિ કરી રહી છે. આગામી વર્ષમાં જબરદસ્ત પ્રગતિ બતાવશે.

(૩) ૩૬ કરોડની કેપીટલ ઉપર કંપની ૩૦૦ કરોડની વેચાણ ધરાવે છે. છેલ્લા ક્વાર્ટરમાં ૧૯ ટકાનો ઓપરેટીવ માર્જીન આવ્યો છે. જે ઘણું સુંદર કહેવાય. થોડા વખતમાં કંપની ૮ થી ૧૦ ઈપીએસ બતાવી શકે છે.

(૪) બોમ્બે રેયોન જેના ૧૦ શેરનો ભાવ ૨૧૬ છે તે ગ્રુપની આ કંપની છે.

(૫) કંપની સ્પેન્ડર યાર્ન અને ઈલાસ્ટોરમીક યાર્ન બનાવવાની છે. જે ભારતમાં કોઈ નથી બનાવતું.

**૪. એસેલ ટ્રુન્સ**

**બીએસઈ કોડ. ૫૧૭૪૯૪** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૧૫ માં મળતો મદ્રાસ સ્થિત સોફટવેર એજ્યુકેશન ક્ષેત્રનો આ શેર શુક્રવારે મોટા વોલ્યુમ સાથે સર્કિટમાં બંધ આવતા આ ભાવે ટેકનીકલી લેવા જેવો લાગે છે. વોલ્યુમ ૪૦૦૦ શેર ઉપરથી એક દિવસમાં ૬૦૦૦ શેર થયું છે. અને ભાવ ૨૦ ટકા સર્કિટમાં ૧૫રૂા. બંધ આવ્યો છે. નાની માત્રામાં લેવાય.

# રેન્જના ઉપલા મથાળે મજબૂતાઈ

**તા. ૨૭/૦૩/૨૦૧૦**

બજારે જે રીતે ગત સપ્તાહે તેની તેજીમયતા ચાલુ જ રાખી અને બંધ પણ અગાઉના સપ્તાહની જેમ ઉચ્ચ સપાટીએ આપ્યો તે જોતાં જણાય છે કે બજારે તેજીમયતા સાથેના તેના સંબધ ચાલુ જ રાખેલ છે.જો કે અગાઉના સપ્તાહે આર બી આઈ દ્વારા રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં વૃધ્ધિ કરવાના લેવાયેલ નિર્ણયનો પરિણામે બજારની શરુઆત નબળાઈ ભરી રહી હતી અને ઘટાડે ખુલેલ હતું, રિઝર્વ બેંકે સ્પષ્ટપણે જણાવ્યું કે આ વ્યાજ દરની વૃધ્ધિ એ હવેની વ્યાજદરની પ્રણાલીની દીશામાં બદલાવ લાવવા લેવાયેલ પ્રથમ પગલું છે. આર બી આઈ તેની ભૂમિકા માટે ખૂબ જ સ્પષ્ટ છે અને ફૂગાવાને નાણવા માટે ફરી વાર વ્યાજ દરમાં વૃધ્ધિ કરવામાં તે ખચકાટ અનુભવશે નહીં.

**હાયર બોટમ ફોર્મેશન**

સોમવારે સેન્સેક્ષ અને નિફટી બંન્ને સેન્સેક્ષની ૧૭૩૩૭ અને નિફટીની ૫૧૮૭ની નીચેની સપાટીએથી પાછાં વળ્યાં. બંને ઈન્ડેક્ષો પછીના ત્ર દિવસોએ સતત ઉપર દર્શાવેલ નીચી સપાટી બતાવી અને આ પ્રક્રિયામાં તેમણે હાયર બેઝ એટલે કે ઉંચી તળિયાની સપાટી બનાવી. સેન્સેક્ષે હાયર લોની સપાટી ૧૭૩૩૭ બનાવી જે અગાઉ ૧૭૦ણ્૧ હતી અને નિફટીએ પણ હાયર લોની સપાટી ૫૧૮૭ બનાવી જે અગાઉ ૫૧૦૧ હતી. હવે બજાર અગાઉની સેન્સેક્ષની ઉચ્ચતમ સપાટી ૧૭૭૯૦ અને નિફટીની ઉચ્ચતમ સપાટી ૫૩૧૦નો સ્પર્શવા માટે તૈયાર છે અને આ પ્રક્રિયામાં છેલલા ત્રણ માસની ટ્રેડીંગ રેન્જ પણ તૂટી જશે.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૭૪૮૧ પોઈન્ટથી થઈ, આ પછી સેન્સેક્ષે ૧૭૬૮૨ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૭૩૩૭ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૭૬૪૪ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે માત્ર ૬૬ પોઈન્ટની વૃધ્ધિ સાથે સાપ્તાહિક બંધ આપ્યો.

**લાયન રો'ર**

**લાયન**
roar_lion@yahoo.com

આ જ રીતે નિફટીએ પણ શરૂઆત ૫૨૬૦ પોઈન્ટથી કરી, ૫૨૯૩ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૧૮૭ની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૨૮૨ ઉપર બંધ આપ્યો. નિફટીએ પણ સાપ્તાહિક ધોરણે ૨૦ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આપ્યો. પરિણામ સ્વરૂપ બંને ઈન્ડેક્ષોએ સાપ્તાહિક ચાર્ટ પર નાની વ્હાઈટ બોડી કેન્ડલની રચના કરેલ છે જે તેજીમય રચના છે.

ગતિસૂચકો જેવાં કે આર એસ આઈ, સ્ટોકેસ્ટિક ઓસીલેટર તેમ જ મની ફલો ઈન્ડેક્ષ ઓવરબોટ ઝોનમાં છે જે એક માત્ર સંબંધિત બાબત છે.આ જ સમયે એડીએક્ષ ઉર્ધ્વગતિ કરી દર્શાવી રહેલ છે કે હાલની રૂખ મજબૂત છે. કોઈ પણ ઘટાડો ખરીદી કરવા લાયક છે. આરઓસી, એમ એ સી ડી અને ઓબીવી જેવા મોમેન્ટમ ઓસીલેટરે પણ તેમની ખરીદીના સકેત આપવાની સ્થિતિ જાળવી રાખેલ જ છે.

ગત સપ્તાહે નિફટી અને સેન્સેક્ષે અનુક્રમે ૧૭૩૩૭ અને ૫૧૮૭ની સપાટીએ ટેકો લીધેલ છે અને ત્યાંથી પાછાળ વળેલ છે. ઉપર દર્શાવેલ નીચી સપાટીઓ ઉચ્ચતમ તળિયું બનાવતાં પહેલાં પછીના ત્રણ દિવસ સુધી સતત ટેસ્ટ થતી જોવા મળેલ હતી જે અગાઉનું ઉચ્ચતમ તળિયું અગાઉ સેન્સેક્ષમાં ૧૭૦૬૧ અને નિફટીમાં ૫૧૦૧ હતું. તેથી અતિ ટૂંકા ગાળામાં સેન્સેક્ષનો ટેકો ૧૭૩૩૭ અને નિફટીનો ટેકો ૫૧૮૭ રહેશે. મધ્યમ ગાળાની દ્રષ્ટિએ, એ જુરૂરી છે કે સેન્સેક્ષની પ્રતિકારક સપાટીનો ગાળો ૧૭૦૬૧-૧૭૦૨૭ અને નિફટીની પ્રતિકારક સપાટીનો ગાળો ૫૧૦૧-૫૦૯૨ રહે.

આ બંને ઈન્ડેક્ષોએ બુલીશ ફલેગ બ્રેકઆઉટ આપેલ છે અને પરિણામસ્વરુપ, સેન્સેક્ષનો હવે પછીનો લક્ષાંક ૧૮૦૪૭ અને નિફટીનો હવે પછીનો લક્ષાંક ૫૪૧૯ રહેશે.

સેન્સેક્ષની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૮૦૯૧ અને નિફટીનો મજબૂત ટ્રેન્ડલાઈન ટેકો ૫૧૭૮ અને ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૪૪૬ રહેશે.

જે રીતે ફલેગ ફોર્મેશનનો લક્ષાંક ૧૮૦૪૭ છે તેમ જ ટ્રેન્ડલાઈન રેજીસ્ટન્સ ૧૮૦૯૧ છે તે જોતાં ઉંચી સપાટીએ સેન્સેક્ષે તેની પ્રતિકારક સપાટી ૧૮૦૪૭ થી ૧૮૦૯૧નો સામનો કરવો પડશે. આ જ રીતે નિફટીએ પણ જે રીતે ફલેગ ફોર્મેશનનો લક્ષાંક ૫૪૧૯ છે તેમ જ ટ્રેન્ડલાઈન રેજીસ્ટન્સ ૫૪૪૬ છે તે જોતાં ઉંચી સપાટીએ સેન્સેક્ષે તેની પ્રતિકારક સપાટી ૫૪૧૯ થી ૫૪૪૬નો સામનો કરવો પડશે.

નિફટી ઓ આઈ પી સી આર ૧.૩૮ પર છે જે બજાર હાલમાં છે તે મુજબના જ તેજીના સંકેત આપી રહેલ છે. ૫૦૦૦ અને ૫૨૦૦ની સપાટીએ મજબૂત પુટ રાઈટીંગ જોવા મળેલ છે જે ઘટાડા સમયે મજબૂત ટેકા તરીકે કાર્ય કરશે. જયારે ૫૪૦૦ ની સપાટીએ મજબૂત કોલ રાઈટીંગ જોવા મળેલ છે જે આગળ ઉપર થતાં પોડીક પ્રતિકારક સપાટી પુરી પાડે.

## આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | Tgt-1 | Tgt-2 |
|---|---|---|---|---|
| Buy Fortis | 179 | 174 | 187 | 196 |
| Buy AiA Engg | 382 | 374 | 396 | 409 |
| Buy BajajAuto | 1977 | 1953 | 2013 | 2057 |
| Buy L&T | 1632 | 1613 | 1661 | 1692 |
| Buy Jindal S-W | 1805 | 1755 | 1883 | 1952 |

## સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5101 | 5187 | 5238 | 5282 | 5337 | 5394 | 5446 |
| Sensex | 17061 | 17337 | 17515 | 17644 | 17790 | 18091 | 18314 |

## ગત સપ્તાહની ભલામણો પર એક નજર

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Buy DCHL | 174 | 182 | 180 | 3400 | Rs.20,400 |
| Buy ApolloHosp | 736 | 762 | 746 | 500 | Rs.5,000 |
| Buy RCom | 167 | 175 | 174 | 700 | Rs.4,900 |
| Buy HeroHonda | 1968 | 2049 | 2079 | 200 | Rs.22,200 |
| Buy Triveni | 136 | 142 | 143 | 3850 | Rs.26,950 |
| | | | Total | Rs.79,450. | |

## આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો

**Buy AIA Engg. 382 SL 374 Tgt 396-409**



**Buy Fortis 179 SL 174 Tgt 187-196**



# આવનાર સપ્તાહે ફાર્મા સેક્ટર તેની ઉર્ધ્વગતિ ચાલુ રાખશે

**તા. ૨૯મી માર્ચ થી ૧લી એપ્રિલ ૨૦૧૦**

**ગ્રહોની સાપ્તાહિક સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમાં કન્યા અને તુલા રાશીમાં, શુક્ર મેષમાં, નીચનો મંગળ કર્ક રાશીમાં પરિભ્રમણ કરશે. કેતુ મિથુનમાં, નીચનો શનિ કન્યામાં, રાહુ અને પ્લુટો ધન રાશીમાં, ગુરુ અને નેપચ્યુન કુંભ રાશીમાં પરિભ્રમણ કરશે. જયારે સૂર્ય, બુધ, અને યુરેનસ મીન રાશીમાં પરિભ્રમણ કરશે. બુધ ૩૦મી માર્ચે તેનું ગૃહ બદલશે.

**ચેતવણી** મંગળનો ગ્રહ સામાન્ય રીતે એક ગૃહમાં ૪૫ દિવસ સુધી રહેતો હોય છે. હવે તે કર્કમાં ( કે જે એક નબળી રાશી છે)માં ૨૩૨ દિવસ રહેશે જે એક ખૂબ જ અસામાન્ય ઘટના છે. આ સમય દરમ્યાન તા. ૨૦ ડીસેમ્બર ૨૦૦૯ થી તા. ૧૦મી માર્ચ ૨૦૧૦ સુધી તે પીછેહઠની પરિસ્થિતિમાં રહેશે. મંગળનો ગ્રહ ખૂબ જ આક્રમક ગ્રહ ગણવામાં આવે છે અને કોઈ પણ કાર્ય માટે તે જવાબદાર હોય છે. અલગ અલગ જન્મકુંડળીમાં તે જે પોઝીશન રાખી રહેલ તે આધારે સારી અથવા તો નરસી અસરો દર્શાવી શકે તેથી આ ગ્રહદશાને ધ્યાનમાં રાખી પોતાની કુંડળીમાં આ ગ્રહના સ્થાન મુજબ ખાસ સાવધાની રાખવી જરુરી છે.

**આવનાર સપ્તાહે નીચે જણાવેલ ક્ષેત્રો જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે.**

**લીકર : મેક ડોવેલ, ગ્લોબસ, વગેરે.**

**પાવર ઈકવીપમેન્ટ : એબીબી, કયુમિન્સ, એપીલ, સીમેન્સ વગેરે**

**આવનાર સપ્તાહે ફાર્મા સેકટર તેની ઉર્ધ્વગતિ ચાલુ જ રાખશે.**

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**
મો.
૦૯૮૧૧૭૩૮૩૬૬
૦૯૮૧૦૦૧૮૪૩૮
http://www.astrostocktips.in
E-mail :
astrostocktips@rediffmail.com

**જે સેકટર એસ્ટ્રો સપોર્ટ મેળવેછે તે સામાન્યરીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

**નોંધ :** અમોએ જે તે સેકટર માટે આગાહી કરેલ છે છતાં એ જરૂરી નથી કે આ સેકટરના બધા જ શેર એક જ દિવસમાં સારો દેખાવ દર્શાવે. ડે ટ્રેડીગમાં નાણાં મેળવવાં ખૂબ જ કઠીન છે, તેથી અમો પોજીશનલ ટ્રેડ માટે સલાહ આપીશું. પરંતુ જો કોઈ એક જ દિવસે નફો મેળવી શકે તો નફો બુક કરી લેવો જઈએ.

## જયોતિષ અને બેંકીંગ સ્ટોક

ગત શુરક્રવારે (૧૯મી માર્ચના રોજ)આર બી આઈ એ ફૂગાવાને નાણવા માટે તેના મુખ્ય નિતિવિષયક વિત્ત દર - રેપો ( બેંક આર બી આઈ તરફથી જે નાણાંની લોન મેળવે તે પરનો વ્યાજ દર) અને રિવર્સ રેપો (બેંક આરબીઆઈમાં જે ફંડ જમા કરાવે તે પરનો વ્યાજ દર) માં ૨૫ બેઝીક પોઈન્ટ જેટલો વધારો કર્યો. આ જાહેરાત થયા પછી મિડિયા સાથે સંકળાયેલા વિવિધ એનાલીસ્ટો એવું મંતવ્ય દર્શાવી રહેલ હતા કે આર બી આઈ ના આ પગલાથી, બેંકીંગ અને તેને આનુસંગિક શેરો ખરાબ દેખાવ કરશે. સોમવારે(તા. ૨૨મી માર્ચ) આ રિએકશનના કારણે સીંગાપુર નિફટી પણ ૭૫ પોઈન્ટ નીચે નકારાત્મક ખુલી હતી.

પરંતુ ટૂંકા ગાળામાં આ સેકટરનો ગ્રહોનો સારો ટેકો મળતો હોઈ, અમોએ અમારી વેબસાઈટ www.astrostocktips.in પર તેમ જ ધી ઈકોનોમિક રેવલ્યૂશનની વેબસાઈટ www. theeconomicrevolution.comના અમારા પેજ પર આ અંગે ભલામણ કરેલ હતી.

તા. ૨૧મી માર્ચના રોજ અમોએ નાણાકીય શેર / બેંકીંગ શેર ઘટાડે ખરીદવા માટે જણાવેલ. અમો ફરી વાર જણાવીએ છીએ કે મિડિયા / અન્ય એનાલીસ્ટોનું કંઈ પણ મંતવ્ય હોવા છતાં અમોએ જણાવેલ કે આ સેકટર મજબૂત જયોતિષિય સહયોગ મેળવવાનું ચાલુ જ રાખશે અને તેથી ખૂબ જસારો દેખાવ કરશે.

ગત સપ્તાહે બેંકીંગ સેકટર સારો દેખાવ કરનાર સેકટરો પૈકીનું સારું સેકટર રહ્યું અને આ સેકટરના ઘણા શેરો જેવા કે એક્ષિસ બેંક, એચ ડી એફ સી બેંક, બેન્ક ઓફ કરોડા, પી એન બી વગેરેએ ખૂબ ઉંચી સપાટી દર્શાવી.

# બજાર માટે એપ્રિલ મહિનો જ ટર્નિંગ પોઈન્ટ હશે
# વર્ષ ૨૦૧૦ માટે આ ઉછાળો હવે મૃગજળ જેવો લાગે છે

વાંચક મિત્રો,

નિફ્ટી નમસ્કાર,

મિત્રો આપણે વાત થઈ હતી કે આરબીઆઈના પગલાંની અસર બજારમાં આવનાર દિવસોમાં જોવા મળશે અને બજારમાં ''લિક્વીડિટી'' ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણે જોયું એમ આ સપ્તાહમાં બેંકિંગ સેક્ટરમાં તેજી રહી હવે આને કહેવાય કે ''ભાવ ભગવાન છે'' તો મિત્રો હવે શું ? નિફ્ટી ૫૩૧૦ની ઉપર જાય એટલે બીજા ૨૦૦ પોઈન્ટ તો આવી જ જશે ને ? મિત્રો એવું સમજીને મહેરબાની કરીને ખરીદી ના કરતા. ઉછાળે વેચજો એટલે હવે હમણાં બ્રેક આઉટની વાત ના કરજો આ ઉછાળો મૃગજળ સમાન બની રહ્યો છે.

**નિફ્ટી ૫૩૧૦ ઉપર જાય એટલે બીજા "૨૦૦" પોઈન્ટ લેવામાં "૦૦" પોઈન્ટ મુકવા ના પડે તેનું ધ્યાન રાખજો**

**DHAN WIN- "WINNER'S CHOICE"**



**હિમાંશુ જાની**
મો.
૯૩૭૬૯૨૫૯૩૨
email: dhanwinvestnents@gmail.com
WWW.DHANWIN.COM

**"ભાવ ભગવાન છે" આને કહેવાય ગત સપ્તાહના બેંકિંગ સેક્ટરના દેખાવ પરથી**

## TRADING LEVEL - 27-MAR-2010

| Sr_ No | Scrip Name | Close Price | Trade Type | Price Range | Tgt 1 | Tgt 2 | Tgt 3 | Stop Loss |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | નિફ્ટી | 5282 | Buy Above | 5315 | 5350 | 5385 | 5450 | 5280 |
| 2 | નિફ્ટી | 5282 | Sell Below | 5220 | 5180 | 5135 | 5085 | 5248 |
| 3 | બેંક નિફ્ટી | 9456 | Sell | 9550-9650 | 9450 | 9280 | 9135 | 9680 |
| 4 | એબીબી | 827 | BUY | 824-828 | 840 | 848 | 852 | 815 |
| 5 | એસીસી | 939 | Buy Above | 945 | 959 | 970 | 976 | 934 |
| 6 | આંધ્ર બેંક | 100 | Buy | 98-100 | 103 | 105 | 108 | 96 |
| 7 | એક્સિસ બેંક | 1193 | Buy | 1170-1180 | 1195 | 1208 | 1230 | 1145 |
| 8 | બેંક ઓફ ઈન્ડિયા | 321 | Buy | 318-321 | 328 | 334 | 340 | 308 |
| 9 | ભારતી એરટેલ | 310 | Buy | 305-308 | 315 | 321 | 328 | 298 |
| 10 | કેનેરા બેંક | 413 | Buy | 411-414 | 418 | 421 | 425 | 404 |
| 11 | ચેન્નાઈ પેટ્રો | 283 | Buy | 279-284 | 291 | 295 | 298 | 272 |
| 12 | ડાબર | 165 | Buy | 162-164 | 167 | 170 | 175 | 158 |
| 13 | ડો. રેડ્ડી | 1284 | Sell | 1290-1302 | 1275 | 1263 | 1251 | 1320 |
| 14 | ગેઈલ | 401 | Buy | 395-398 | 403 | 410 | 416 | 389 |
| 15 | જી.ઈ. શીપીંગ | 296 | Buy | 294-296 | 302 | 308 | 315 | 288 |

## DHAN WIN - THE ECO REV - LONG TERM ACCUMLATION PRICE TABLE - JAN 2010

| Sr_ No | Scrip Name | January Price | First Level | 2nd Level | 3rd Level | Jan. Low | March 10 High | % Gain |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Axis Bank | 989 | 880 | 790 | 650 | 965 | 1193 | |
| 2 | BHEL | 2403 | 2200 | 1980 | 1750 | 2236 | 2474 | 12 |
| 3 | HDFC | 2675 | 2450 | 2280 | 2050 | 2300 | 2760 | 13 |
| 4 | Infosys Tech | 2601 | 2350 | 2050 | 1810 | 2329 | 2870 | 22 |
| 5 | M & M | 1080 | 970 | 860 | 740 | 950 | 1154 | 19 |
| 6 | Reliance Infra | 1146 | 950 | 870 | 750 | 950 | 1049 | 10 |
| 7 | Reliance Ind | 1090 | 980 | 890 | 760 | 959 | 1111 | 13 |
| 8 | SBI Bank | 2269 | 2050 | 1850 | 1600 | 1863 | 2112 | 3 |
| 9 | Sterlite Ind | 863 | 740 | 680 | 500 | 717 | 843 | 14 |
| 10 | TATA Steel | 617 | 515 | 460 | 300 | 519 | 650 | 26 |
| | | | | | | Total % Return | 15 | |

મિત્રો, આપણે જાન્યુઆરી-૨૦૧૦માં ઘટાડે ખરીદજો એમ કહીને ''૧૦ લાર્જ કેપ'' શેર્સના લેવલ આપ્યા હતા. તો આજે જરા નજર કરી લેજો ઘટાડે થી ૧૫ ટકા નું રિટર્ન છે. ૩ મહિનાની અંદર તો હવે નફો બુક કરી લેજો. હવે અમે નથી કહેતા કે આજ ૧૦ સ્ટોક્સમાં ઈન્વેસ્ટ કરો તમારી પસંદગીના શેર્સમાં બજારમાં કરેક્શન આવે ત્યારે તબક્કાવાર રોકાણ કરો. બાકી તમે જોયું હશે. ૧૧૦૦ વાળો રિલાયન્સ ૯૬૦ અને ૨૬૦૦ વાળો ઈન્ફોસીસ ૨૩૫૦ ને નિફ્ટીના ૧૦ ટકા કરેક્શન એટલે કે ૫૩૦૦ થી ૪૮૦૦ આવે છે જો હવે બજારમાં કરેક્શન ૧૫ ટકાથી ૨૦ ટકાનું આવે શું ભાવ આવે અને શેર્સના કયા લેવલ આવે એ તમે સમજી શકો છો.

# ટૂંકાગાળાના રોકાણકારોને મબલખ કમાણી કરાવી આપતું બજાર

મિત્રો, જય સાંઈરામ,

વિશ્વના બજારોના મજબૂત સંકેતો, ગ્રીસને બેઈલ આઉટ પેકેજ મળવાના સમાચાર અને એફઆઈઆઈની લેવાલી થકી માર્ચ ફ્યુચર સિરિઝની એક્સપાયરી હકારાત્મક થઈ હતી. માર્ચ સિરીઝમાં ૭૪ ટકાનું રોલઓવર અગાઉના સમાનગાળાની તુલનામાં નોંધાયું હતું. માર્ચ સિરીઝમાં ઈન્ડેક્સબેઝ કેટલો ઉછાળો નોંધાયો તે આપેલ ટેબલ પ્રમાણે જોઈ શકાય છે.

દેશની સૌથી મોટી બેંક એસબીઆઈ રાઈટ ઈસ્યુ મારફતે રૂા. ૨૦૦૦૦ કરોડ એકત્રિત કરશે તેવું કંપનીના ચેરમેન ઓ.પી. ભટ્ટે જણાવ્યું હતું. તે નોંધનીય છે કે અત્યારે એસબીઆઈ માં સરકારનો હિસ્સો ૫૯.૭ ટકા જેટલો છે. જેને ઘટાડવા માટે બેંક રાઈટ્સ ઈસ્યુ લાવવા માગે છે. તારીખ ૩૧ માર્ચના રોજ પૂરા થતા સપ્તાહ દરમ્યાન ખાદ્ય પદાર્થો આધારિત ફુગાવો સામાન્ય ઘટીને ૧૬.૨૨ ટકા નોંધાયો હતો. જે તેની અગાઉના સપ્તાહ દરમ્યાન ૧૬.૩૦ ટકા નોંધાયો હતો. ગત સપ્તાહે સેન્સેક્સ ૧૭૬૪૪.૭૬ અને નિફ્ટી ૫૨૮૬.૦૦ ઉપર બંધ આપેલ છે.

### માર્ચ સિરીઝમાં ઈન્ડેક્ષબેઈઝ ઉછાળો

| ઈન્ડેક્ષ | ટકા |
|---|---|
| સેન્સેક્સ | ૮.૦૩ |
| નિફ્ટી | ૮.૨૪ |
| મિડકેપ | ૬.૫૦ |
| સ્મોલકેપ | ૫.૬૩ |
| હેલ્થકેર | ૧૦.૪૨ |
| ઓટો | ૯.૪૪ |
| બેકેક્ષ | ૮.૯૩ |
| ઓઈલ એન્ડ ગેસ | ૭.૦૨ |
| આઈટી | ૭.૦૦ |
| કેપિટલ ગુડ્ઝ | ૫.૬૨ |
| પાવર | ૩.૮૫ |
| એફએમસીજી | ૩.૫૬ |
| રિયાલ્ટી | ૦.૫૫ |

આગામી સપ્તાહે બજારનું રુખ આંશિક નકારાત્મક થઈ શકે છે. આગામી સપ્તાહે બજારમાં ફરીથી સ્ટોક સ્પેસિફીક ચાલ જોવા મળી શકે છે. જેમાં પ્લાસ્ટિક અને સ્મોલકેપ અને માઈનિંગ કંપનીના શેરમાં સારી તેજી જોવા મળી શકે છે. સપ્તાહની શરુઆતના બે દિવસ બજારમાં વોલેટાલિટી જોવા મળી શકે છે. પરંતુ બજારની ખરી ચાલ સપ્તાહના મધ્યથી જોવા મળશે. **અત્યારના બજારનું અવલોકન કરતા એટલું ચોક્કસ કહી શકાય કે આ બજાર માત્ર અને માત્ર ટૂંકાગાળાના રોકાણકારો માટેનું જ છે. ટૂંકાગાળાના રોકાણકારોએ આ બજારમાં લાખો, કરોડો રૂપિયા કમાઈ શકે છે તેવું અમારું માનવું છે.**

જયારે લાંબાગાળાના રોકાણકારોએ પોતાનો પોર્ટફોલિયો રોજ તપાસતા રહેવું પડે છે. અને એમાંય જો શેરની પસંદગીમાં કોઈ ભૂલ થઈ ગઈ હોય તો તે સ્ટોક તમારા માટે શોભાના ગાંઠીયા બરાબર થઈ જાય છે તેમાં કોઈ બેમત નથી જેનું ખૂબ જ સચોટ દ્રષ્ટાંત ઓસ્ટ્રલ કોકનો શેર છે તે માત્ર પાંચ સપ્તાહમાં જ રૂા. ૩૮ થી રૂા.૯ આવેલ.

મિત્રો કહેવાનો મતલબ એટલો જ છે કે આપના પોર્ટફોલિયોમાં એવો કોઈ સ્ટોક ન આવી જાય કે જેના બધા જ સ્ટોકનો નફો માત્ર એક જ સ્ટોક લઈ જાય. અને ઉલ્ટાનું નુકસાની વેઠવાનો વારો આવે. વધુ વિસ્તૃત ચર્ચા આગામી અંકમાં કરીશું.

### રોકિંગ ટીપ્સ મેકર્સ



આશિષ નાયક
મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫
rosenayak.1984@yahoo.com

**આગામી સપ્તાહ માટે સેન્સેક્સનો ટેકો ૧૭૧૮૬ અને અવરોધ ૧૭૯૬૬ જ્યારે નિફ્ટીનો ટેકો ૫૧૭૬ અને અવરોધ ૫૩૭૦ છે.**

અમે આગામી સપ્તાહ માટે જે કોલ આપીએ છીએ તે અમારા પર્સનલ સોફ્ટવેર અને ચાર્ટની પેટર્ન નો અભ્યાસ કરીને જ આપીએ છીએ. અમારા માનવંતા ગ્રાહકો અમારા સતત સંપર્કમાં હોવાથી અમે તેમને નફો ક્યારે બુક કરવો તેની સલાહ સતત આપતા રહીએ છીએ. તો મિત્રો આપ પણ દરેક તબક્કે નફો ઘર ભેગો કરતા રહો. રોકાણકાર મિત્રોએ બજારની રુખ જોઈ નીચે મુજબ રોકાણ કરવું જ્યારે દરેક તબક્કે નફો ઘર ભેગો કરવો. પોતાની કેપેસિટી અને સ્ટોપલોસ રાખી વેપાર કરવો. આર્ટિકલ ધ્યાનથી વાંચી રોકાણ કરવું જ્યારે નિફ્ટીના સપોર્ટ અને અવરોધ જોઈ લેણ અને વેચાણ કરશો તો વધુ ફાયદો થશે.

**સેન્સેક્સ (૧૭૬૪૪.૭૬) :** ૧૭૭૩૨ ઉપર ૧૭૮૪૮, ૧૭૯૬૬, ૧૮૦૫૪ અને ૧૮૧૮૦ જ્યારે ૧૭૫૩૬ નીચે ૧૭૪૧૦, ૧૭૨૯૪, ૧૭૧૮૬ અને ૧૭૦૪૦ જોવા મળી શકે છે.

**નિફ્ટી (૫૨૮૨.૦૦) :** ૫૩૦૮ ઉપર ૫૩૩૬, ૫૩૭૦, ૫૩૯૮ અને ૫૪૨૪ જ્યારે ૫૨૪૬ નીચે ૫૨૧૨, ૫૧૭૬, ૫૧૪૪ અને ૫૦૯૮ જોવા મળી શકે છે.

**ફ્યુચરના ખેલાડીઓ માટે**

**એચડીઆઈએલ (૨૮૪.૩૦) :** ઉછાળે ૨૯૩ આસપાસ ૩૦૧ ના અવરોધ સાથે ૨૬૭ થી ૨૪૬ ના લક્ષ્યાંક સાથે વેચાણ જાળવવું. ૨૬૭ તૂટતાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. જ્યાં ૨૪૬નો ભાવ બતાવી શકે છે. શેરના ટૂંકાગાળાના બધા જ ચાર્ટ નબળાઈ બતાવે છે. કોઈપણ ઉછાળા ટકવા મુશ્કેલ જણાય છે. જેણે આ શેર અમારા કહ્યા મુજબ એક સપ્તાહ પહેલાં ૩૧૧ આસપાસ વેચાણ કરેલ છે તેમણે લક્ષાંક મળી ગયેલ છે. નવું વેચાણ ઉછાળે કરી શકાય. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક તબક્કે નફો ઘરભેગો કરવો.

**ટૂંકાથી લાંબાગાળાના રોકાણકારો માટે**

**નિલકમલ (બીએસઈ કોડ ૫૨૩૩૮૫) (૨૫૨.૩૫) :** ઘટાડે ૨૪૫ આસપાસ ખરીદો. લક્ષાંક ૨૬૮ અને ૨૯૭ જો ૨૬૮ ઉપર બંધ આપે તો લક્ષાંક ૨૯૭ સ્ટોપલોસ ૨૩૮. કંપનીનો મુખ્ય વ્યવસાય પ્લાસ્ટીક પ્રોડક્ટનું ઉત્પાદન કરવાનું છે. તે સાથે ડાયવર્સિફાઈડ બિઝનેસ પણ ધરાવે છે. કંપનીની સ્થાપના પારેખ ફેમિલી દ્વારા ઈ.સ. ૧૯૮૫માં કરવામાં આવી હતી. કંપનીના વાર્ષિક અને ત્રિમાસિક ગાળાના પરિણામો ખૂબ જ ઉત્સાહજનક આવેલ છે. જ્યારે કંપનીની આવકમાં દર વર્ષે વધારો જોવા મળેલ છે. કંપની દર વર્ષ ૨૦ ટકા ઉપરનું ડિવિડન્ડ નિયમિત પણે ચૂકવે છે. કંપનીના હાથ ઉપર સારી એવી રોકડ પણ છે. ટેકનીકલી ચાર્ટ ઉપર સ્ટોક ખૂબ જ મજબૂતાઈ કેળવી રહેલ છે. જ્યારે સ્ટોકના બધા જ ચાર્ટ તેજી બતાવે છે. ટૂંકાથી લાંબાગાળાના રોકાણકારોએ મર્યાદિત રોકાણ કરવું. ત્રિમાસિક પોર્ટફોલિયોમાં રાખી શકાય. જે રોકાણકારોએ એક મહિના પહેલાં અમારા કહ્યા મુજબ ૨૨૫ની આસપાસ રોકાણ કરેલ છે તેમણે પણ રોકાણ જાળવી રાખવું. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક ઉછાળે તબક્કાવાર નફો ઘરભેગો કરવો.

**કચ્છ મિનરલ્સ (બીએસઈ કોડ ૫૩૧૭૧૮) (૧૦.૦૦) :** ઘટાડે ૯.૮૨ આસપાસ ખરીદો. લક્ષાંક ૧૩.૦૩ અને ૧૭.૪૮ જો ૧૩.૦૩ ઉપર બંધ આપે તો લક્ષાંક ૧૭.૪૮ સ્ટોપલોસ ૮.૯૫.

કંપની માઈનિંગ અને મિનરલ્સના વ્યવસાય સાથે ૧૯૮૧થી સંકળાયેલ છે. કંપનીના વાર્ષિક અને ત્રિમાસિક ગાળાના પરિણામો એકંદરે સારા આવેલ છે. ટૂંકાથી લાંબાગાળાનું રોકાણ કરવું. આરએસઆઈ ફરીથી રોકાણ કરવાની સલાહ આપે છે. લાંબાગાળાનો સેસાગોવા છે. જે રોકાણકારોએ અમારા કહ્યા મુજબ સાત મહિના પહેલાં આ શેર રૂા. ૪ આસપાસ લીધેલ છે તેમણે રોકાણ જાળવી રાખવું. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક તબક્કે નફો ઘરભેગો કરતા રહેવું.

### ગત સપ્તાહની ભલામણોનું તોફાની પ્રદર્શન

| સ્ટોક | રિટર્ન | સમય |
|---|---|---|
| એપોલો ટાયર (૭૬ થી ૭૮.૨૫) | ૩ ટકા ઉપર | એક જ દિવસમાં |

**નોંધ :** ટૂંકાથી લાંબાગાળાના રોકાણકારોએ ઘટાડે મર્યાદીત રોકાણ કરવું.

| | | |
|---|---|---|
| હિટાચી હોમ (૨૩૧ થી ૨૫૮) | ૧૧ ટકા ઉપર | માત્ર બે દિવસમાં |

**નોંધ :** જે રોકાણકારોએ અમારા કહ્યા મુજબ ૭૫ અને ૨૩૧ ઉપર રોકાણ કરેલ તેમણે રોકાણ બીજા લક્ષાંક સુધી જાળવી રાખવું.

| | | |
|---|---|---|
| કન્ટ્રીકલબ (૧૬.૪૮ થી ૧૭.૩૦) | ૪ ટકા ઉપર | માત્ર બે દિવસમાં |

**નોંધ :** દરેક ઘટાડે ખરીદી કરી સકાય. તેવો સ્ટોક,શેરમાં અણધારી તેજી જોવા મળી શકે. ત્રિમાસિક પોર્ટફોલિયોમાં જાળવી રાખવો.

## અઠવાડિક સપોર્ટ અને રેજીસ્ટન્ટ લેવલ



અનુરાગ ગુપ્તા
મો : ૦૯૨૫૫૧૯૧૬૪૩
Email : anuraghsr@yahoo.com

૨૯ માર્ચ થી ૦૨ એપ્રિલ ૨૦૧૦ સુધી

| SYMBOL | CLOSE | TREND | RES2 | RES1 | TREND LEVEL | SUPP1 | SUPP2 |
|---|---|---|---|---|---|---|---|
| NF APRIL | 5296.95 | BULLISH | 5392.18 | 5344.57 | 5262.28 | 5214.67 | 5132.38 |
| ABB FUTURE | 830.35 | BEARISH | 866.78 | 848.57 | 833.78 | 815.57 | 800.78 |
| ACC FUTURE | 944.30 | BEARISH | 1009.00 | 976.65 | 949.65 | 917.30 | 890.30 |
| BANKBARODA FUTURE | 632.70 | BULLISH | 656.70 | 644.70 | 624.40 | 612.40 | 592.10 |
| BEL FUTURE | 2198.80 | BEARISH | 2289.60 | 2244.20 | 2213.60 | 2168.20 | 2137.60 |
| BHEL FUTURE | 2370.15 | BEARISH | 2454.65 | 2412.40 | 2368.75 | 2326.50 | 2282.85 |
| BPCL FUTURE | 514.10 | BEARISH | 545.50 | 529.80 | 516.10 | 500.40 | 486.70 |
| CANBK FUTURE | 416.40 | BULLISH | 435.53 | 425.97 | 410.03 | 400.47 | 384.53 |
| CENTURYTEX FUTURE | 523.00 | BEARISH | 540.23 | 531.62 | 516.88 | 508.27 | 493.53 |
| CIPLA FUTURE | 347.00 | BULLISH | 367.27 | 357.13 | 344.57 | 334.43 | 321.87 |
| DABUR FUTURE | 166.25 | BULLISH | 172.52 | 169.38 | 163.77 | 160.63 | 155.02 |
| DLF FUTURE | 296.50 | BEARISH | 316.80 | 306.65 | 299.45 | 289.30 | 282.10 |
| DIVISLAB FUTURE | 676.05 | BULLISH | 728.22 | 702.13 | 663.82 | 637.73 | 599.42 |
| DRREDDY FUTURE | 1292.25 | BULLISH | 1353.42 | 1322.83 | 1288.42 | 1257.83 | 1223.42 |
| EDUCOMP FUTURE | 775.10 | BULLISH | 804.60 | 789.85 | 769.25 | 754.50 | 733.90 |
| GAIL FUTURE | 402.15 | BEARISH | 425.72 | 413.93 | 407.22 | 395.43 | 388.72 |
| GRASIM FUTURE | 2887.50 | BEARISH | 3014.97 | 2951.23 | 2891.27 | 2827.53 | 2767.57 |
| HCLTECH FUTURE | 371.40 | BEARISH | 384.03 | 377.72 | 370.13 | 363.82 | 356.23 |
| HDFC FUTURE | 2625.30 | BEARISH | 2750.33 | 2687.82 | 2626.43 | 2563.92 | 2502.53 |
| HDFCBANK FUTURE | 1953.95 | BULLISH | 2241.98 | 2097.97 | 1947.98 | 1803.97 | 1653.98 |
| HDIL FUTURE | 286.00 | BULLISH | 305.13 | 295.57 | 286.33 | 276.77 | 267.53 |
| HEROHONDA FUTURE | 1955.75 | BEARISH | 2093.82 | 2024.78 | 1975.92 | 1906.88 | 1858.02 |
| HINDUNILVR FUTURE | 236.10 | BULLISH | 243.10 | 239.60 | 233.05 | 229.55 | 223.00 |
| IDFC FUTURE | 162.20 | BEARISH | 167.47 | 164.83 | 161.42 | 158.78 | 155.37 |
| IDBI FUTURE | 115.10 | BEARISH | 120.00 | 117.55 | 115.20 | 112.75 | 110.40 |
| IFCI FUTURE | 52.25 | BULLISH | 54.85 | 53.55 | 51.35 | 50.05 | 47.85 |
| HINDPETRO FUTURE | 312.20 | BEARISH | 333.30 | 322.75 | 314.05 | 303.50 | 294.80 |
| ICICIBANK FUTURE | 951.60 | BEARISH | 983.63 | 967.62 | 940.08 | 924.07 | 896.53 |
| INDIACEM FUTURE | 133.80 | BULLISH | 144.07 | 138.93 | 132.37 | 127.23 | 120.67 |
| INFOSYSTCH FUTURE | 2784.25 | BULLISH | 2871.95 | 2828.10 | 2787.05 | 2743.20 | 2702.15 |
| IOC FUTURE | 297.20 | BULLISH | 310.10 | 303.65 | 297.45 | 291.00 | 284.80 |
| ITC FUTURE | 265.60 | BULLISH | 272.13 | 268.87 | 263.48 | 260.22 | 254.83 |
| IVRCLINFRA FUTURE | 168.25 | BEARISH | 177.22 | 172.73 | 165.72 | 161.23 | 154.22 |
| JSWSTEEL FUTURE | 1291.25 | BULLISH | 1356.02 | 1323.63 | 1273.32 | 1240.93 | 1190.62 |
| LT FUTURE | 1641.30 | BULLISH | 1687.93 | 1664.62 | 1631.13 | 1607.82 | 1574.33 |
| M&M FUTURE | 1082.70 | BULLISH | 1127.97 | 1105.33 | 1068.72 | 1046.08 | 1009.47 |
| MARUTI FUTURE | 1405.75 | BEARISH | 1463.32 | 1434.53 | 1398.22 | 1369.43 | 1333.12 |
| MTNL FUTURE | 72.90 | BEARISH | 77.17 | 75.03 | 73.67 | 71.53 | 70.17 |
| ONGC FUTURE | 1082.85 | BULLISH | 1109.92 | 1096.38 | 1073.37 | 1059.83 | 1036.82 |
| ORIENTBANK FUTURE | 315.40 | BULLISH | 331.80 | 323.60 | 308.30 | 300.10 | 284.80 |
| PRAJIND FUTURE | 84.95 | BEARISH | 87.82 | 86.38 | 84.27 | 82.83 | 80.72 |
| PUNJLLOYD FUTURE | 186.60 | BULLISH | 198.73 | 192.67 | 181.83 | 175.77 | 164.93 |
| PFC FUTURE | 263.65 | BULLISH | 271.95 | 267.80 | 260.30 | 256.15 | 248.65 |
| PATNI FUTURE | 566.05 | BULLISH | 611.02 | 588.53 | 555.52 | 533.03 | 500.02 |
| RANBAXY FUTURE | 478.35 | BULLISH | 496.68 | 487.52 | 472.63 | 463.47 | 448.58 |
| RELINFRA FUTURE | 1012.75 | BEARISH | 1054.88 | 1033.82 | 1016.43 | 995.37 | 977.98 |
| RELCAPITAL FUTURE | 779.30 | BEARISH | 803.50 | 791.40 | 781.70 | 769.60 | 759.90 |
| RELMEDIA FUTURE | 224.85 | BEARISH | 234.42 | 229.63 | 220.92 | 216.13 | 207.42 |
| RELIANCE FUTURE | 1102.10 | BULLISH | 1140.27 | 1121.18 | 1095.72 | 1076.63 | 1051.17 |
| ROLTA FUTURE | 180.20 | BEARISH | 189.67 | 184.93 | 179.87 | 175.13 | 170.07 |
| RPOWER FUTURE | 149.65 | BULLISH | 159.65 | 154.65 | 147.60 | 142.60 | 135.55 |
| RNRL FUTURE | 62.60 | BEARISH | 64.27 | 63.43 | 62.67 | 61.83 | 61.07 |
| SBIN FUTURE | 2084.55 | BULLISH | 2149.85 | 2117.20 | 2056.35 | 2023.70 | 1962.85 |
